# પ્રકરણ : ૭

# 'આજ તક' હિન્દી ન્યૂઝ ચેનલ : એક વિશિષ્ટતાલક્ષી મૂલ્યાંકન

- પૂર્વભૂમિકા
- હિન્દી ન્યૂઝ ચેનલ ક્ષેત્રે 'આજ તક'નું વિશિષ્ટ પ્રદાન
- 'આજ તક' હિન્દી ન્યૂઝ : લોકધર્મી સમાચારો

# પ્રકરણ : ૭

# 'આજ તક' હિન્દી ન્યૂઝ ચેનલ : એક વિશિષ્ટતાલક્ષી મૂલ્યાંકન

## પૂર્વભૂમિકા :

ભારતીય ટેલિવિઝન પત્રકારત્વમાં પ્રત્યેક ચેનલ પોતાની બ્રાન્ડને એક પંચલાઈનથી પ્રતિસ્પર્ધી ચેનલ કરતા પોતાનો અલગ ચીલો ચાતરે છે. જેમ કે આજ તક : સબસે તેજ, ઝી : હકીકત જૈસી ખબર ઐસી, સ્ટાર ન્યૂઝ : ખબરેં, જિનકા હો અસર દેશ પર, એનડીટીવી : ખબરેં વહીં જો સચ દિખાયે, આઈબીએન સેવન : ખબરેં હર કીંમત પર.

સમાચાર બજારમાં પોતાનું સ્થાન ટકાવી રાખવાના આ દરેક ચેનલના નુસખા ભલે આવકાર્ય હોય, પરંતુ આ બધા પાછળની પ્રેરણામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે 'આજ તક'નું આગમન જ છે એમ કહીએ તો પણ જરાય અતિશ્યોક્તિ નહીં લાગે. 'આજ તક' પોતાના પ્રારંભકાળથી જ ડિજિટલ ટેક્નોલોજિ આધારિત રહ્યું છે, 'આજ તક'ની આ ખાસિયત પણ ૨૦૦૩ સુધીમાં દરેક ચેનલોએ સ્વિકારી અને ડિજિટલ ક્રાંતિનો તમામ ચેનલોએ હોંશભેર સ્વીકાર કર્યો. 'આજ તકે' લાલ ચટક રંગ ધારણ કર્યો તો અન્ય ચેનલો પણ આ રંગને સ્વીકારવા લાગી.

પત્રકારત્વના મોટાભાગના સ્વરૂપ 'આજ તક'ના માધ્યમથી ટેલિવિઝનના પડદા પર જોઈ શકાય છે. જેમ કે, આજે પણ 'આજ તક' હિન્દી ન્યૂઝ ચેનલનાં 'સીધી બાત', 'વિશેષ', 'મુંબઈ મેટ્રો', 'સાસ બહૂ ઔર બેટિયાં', 'મૂવી મસાલા', 'આજા હંસ લે', 'સ્પેશિયલ રિપોર્ટ',

'તેજ ખબરેં' અને 'વારદાત' તેમજ સમયાંતરે પ્રસારિત થતાં રાષ્ટ્રિય-આંતરરાષ્ટ્રિય કાર્યક્રમો ઉપરાંત જીવનશૈલી, ઉદ્યોગ, મનોરંજન, રમતગમત વિષયક કાર્યક્રમો દર્શકોની વિશેષ પસંદ બની રહ્યા છે.

જોકે આ શોધનિબંધ પત્રકારત્વ વિષયનો હોઈ 'આજ તક' હિન્દી ન્યૂઝનું ચૅનલનું વિશિષ્ટ પ્રદાન પ્રસ્તુત કરી તેનાં લોકધર્મી સમાચારોને લક્ષ્યમાં રાખી 'આજ તક'નું એ વિશિષ્ટતાલક્ષી મૂલ્યાંકન કરવાનો જ ઉપક્રમ છે. આ મૂલ્યાંકનમાં 'આજ તક'ની દસ વર્ષની સફરને 'આજ તક' પરથી પ્રસારિત થયેલા સમાચારોને લક્ષ્યમાં રાખી મૂલવવાનો પ્રયાસ કર્યો છે.

## ૭.૧ હિન્દી ન્યૂઝ ચેનલ ક્ષેત્રે 'આજ તક'નું વિશિષ્ટ પ્રદાન

'આજ તક'ના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર જી. કૃષ્ણને કહ્યું હતું કે "'આજ તક'નું કવરેજ એગ્રેસિવ હશે. ભાષા હજુ વધારે સરલ થશે તથા ઉચ્ચતમ ટેક્નોલોજિનો લાભ દર્શકોને થશે. સમાચાર બ્રેક કરવા, એ પ્રાથમિકતા હશે. તેની સાથે ગ્રાફિક્સ અને અન્ય ઇનપુટ્સ પણ સૌથી પહેલા ઉપલબ્ધ કરાવીશું. ડિજિટલ ટેક્નોલોજિથી પ્રસારણ વધુ સારું થશે."[૧] "અમારો પ્રથમ ધ્યેય સમાચારોને આધુનિક ટેક્નોલોજિની મદદથી ઝડપથી લોકોના બેડરૂમ સુધી પહોંચાડવાનો છે. અમે નક્કી કર્યું છે કે ટેલિવિઝન સમાચાર પહેલાથી વધારે દર્શનીય બને અને અમે અંદરની વાતને યથાવત્ રૂપે લોકો સુધી પહોંચાડીએ. અમે સાચા અર્થમાં ૨૪ કલાકની સમાચાર ચૅનલ બનાવવા માંગીએ છીએ."[૨] 'આજ તક'ના લૉન્ચિંગ વખતે કરવામાં આવેલ આ ભાવિ ચિંતન આજે વાસ્તવમાં પરિણમ્યું છે. "આજ તકે પોતાની બ્રાન્ડ છબી

'સબસે તેજ'ના રૂપમાં વિકસાવી અર્થાત્ સૌથી પહેલા સમાચારો દર્શકો સામે રજૂ કરવાની દોડ શરૂ થઈ ગઈ. 'આજ તક' અન્ય ચેનલોની સામે સૌથી મોટો પડકાર બનીને આવ્યું. છ માસમાં જ લોકપ્રિયતાની બાબતમાં 'આજ તક' નંબર એક ચેનલ બની ગઈ. પોતાની દેશી ભાષા-પદાવલિ અને રૂઢિપ્રયોગોના પ્રયોગથી 'આજ તકે' દર્શકોમાં પોતાનું સ્થાન જમાવી લીધું. તેને પોતાની પહેલાની 'શાખ' અને અનુભવનો પણ વિશેષ ફાયદો મળ્યો. 'આજ તકે' લાલ રંગને પોતાનું પ્રતીક બનાવ્યું અને હિંદી ક્ષેત્રના યુવા દર્શકોને પોતાનું લક્ષ્ય. ભાષા, રજૂઆત અને ગ્રાફિક્સના નવા અંદાજથી 'આજ તક' ટી.આર.પી.ની બાબતમાં સૌથી આગળ નીકળી ગયું. વર્ષના અંતમાં ટેલિવિઝન અકાદમીએ 'આજ તક'ને નંબર એકનો પુરસ્કાર આપ્યો."[૩]

"ઇ.સ. ૨૦૦૧માં ગુજરાત ભૂકંપ, નેપાળમાં શાહી પરિવારનો નરસંહાર, મુર્શરફની ભારતયાત્રા, અમેરિકના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પરનો આંતકવાદી હુમલો અને ૧૩ ડિસેમ્બરના રોજ ભારતીય સંસદ પર થયેલ આતંકવાદી હુમલાની ઘટનાઓના તેજ રિપોર્ટિંગે 'આજ તક'ને નંબર એક પર ટકી રહેવામાં મદદ કરી. 'આજ તકે' સિદ્ધ કરી આપ્યું કે સમાચાર ચેનલ ચલાવવી પણ ફાયદાકારક બની શકે છે."[૪]

આમ, "ઇ.સ. ૨૦૦૩ ભારતીય ટેલિવિઝન પત્રકારત્વના ઇતિહાસમાં અનેક કારણોથી યાદ કરવામાં આવશે. આ વર્ષ ટેલિવિઝન સમાચાર ચેનલો માટે ઘણું જ ઉતાર-ચઢાવવાળું રહ્યું અને જો એમ કહેવામાં આવે કે આ સમયગાળાએ ટેલિવિઝન પત્રકારત્વની દિશા જ બદલી નાખી તો કોઈ અતિશ્યોક્તિ નહીં થાય. આ ફેરફારથી ટેલિવિઝન સમાચાર વિશ્વનું કોઈ પણ

પ્રારંભમાં ટેલિવિઝન પત્રકારત્વની એક મર્યાદા રહી હતી કે "ટેલિવિઝન નિર્માતાઓ અને દર્શકોની વચ્ચે પહેલાં ઘણું અંતર રહેતું હતું, ખાસ કરીને ફીડબૅકની બાબતમાં. પરંતુ મોબાઈલ ફોન ક્રાંતિએ આ અંતરને ઘટાડી દીધું. 'આજ તકે' જ્યારે પોતાના દર્શકોને ભારતીય ક્રિકેટ ટીમને સંદેશો આપવા માટે આમંત્રિત કર્યાં તો લાખો દર્શકોએ એસ.એમ.એસ. દ્વારા પોતાની ભાવનાઓ વ્યક્ત કરી. બદલામાં 'આજ તકે' સતત ઘણા સપ્તાહો સુધી આ સંદેશાઓ પોતાના પડદે દર્શાવ્યા. દહેજ લોભીઓની જાન પાછી વાળનારી દિલ્હીની નિશા જે રીતે રાતોરાત દેશની જાન બની ગઈ અને દહેજનો મુદ્દો પુનઃ રાષ્ટ્રિય ચર્ચામાં છવાઈ ગયો, તેમાં ટેલિવિઝન સ્ક્રીનની નીચે પ્રસારિત થતિ પટ્ટી - સ્ક્રોલ - દેશની ભાવનાઓને વ્યક્ત કરવાનો એક ખૂલ્લો મંચ બની ગઈ. પછી તમામ ચેનલો આ રાહ પર ચાલવા લાગી. જ્વલંત મુદ્દા પર જનતાની સલાહ એકઠી કરવાનો આ એક હાથવગો ઉપાય બની ગયો."[૭]

આમ, ટેલિવિઝન પત્રકારત્વ ક્ષેત્રે 'આજ તક'નું આગમન અનેક નવી શક્યતાઓ લઈને ઊભરી આવ્યું. હંમેશાં પ્રજાનો અવાજ બની રહેવાનો ધ્યેય રાખી 'આજ તકે' સ્ટિંગ ઓપરેશનની મદદથી અસંખ્ય દુરાચારીઓને બેનકાબ કર્યા તો સામાજિક-ધર્મ નિભાવી ડગલે ને પગલે જરૂરિયાતમંદનો અવાજ બની તેના પડખે ઊભાં રહેવાની પહેલ કરી. 'આજ તક' ચેનલ ખાસ કરીને તેનાં સત્યનિષ્ઠ સમાચારો અને તેનાં આગવાં પ્રસારણોને લીધે સતત દસ વરસથી 'નંબર - ૧' ન્યૂઝ ચેનલનો ખિતાબ સર કરતી રહી છે.

## ૭.૨ 'આજ તક' હિન્દી ન્યૂઝ : લોકધર્મી સમાચારો

દૂરદર્શન પરથી પ્રસારિત થતું ત્રીસ મિનિટનું ન્યૂઝ બુલેટિન હોય કે ૨૪ કલાકની સ્વતંત્ર ન્યૂઝ ચેનલ હોય 'આજ તક' હંમેશાં લોકધર્મી સમાચારો આપવામાં અગ્રેસર રહ્યું છે. ૩૧ ડિસેમ્બર ૨૦૦૦થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૦ સુધીની 'આજ તક'ની દસ વર્ષની સફર તેની સાક્ષી છે અને સાબિતી પણ. દસ વરસ અગાઉ અડધા કલાકના ન્યૂઝ બુલેટિનથી લઈને ચોવીસ કલાકની ન્યૂઝ ચેનલરૂપે 'આજ તક'નું આગમન સમાચારોની દુનિયામાં એક આંદોલન સમું બની રહ્યું. દુનિયા કેટલી બદલાઈ ગઈ છે, પણ નથી બદલાયો 'આજ તક' માટેનો લોકોનો પ્રેમ કે નથી બદલાઈ સમાચારોને લોકો સુધી સૌથી પહેલા પહોંચાડવાની 'આજ તક'ની ભૂખ.

'આજ તક' હંમેશાં જનતાનું પક્ષધર રહ્યું છે અને એટલે જ જુલાઈ ૨૦૦૧માં 'આગ્રા શિખર વાટાઘાટોના કવરેજ માટે આજ તકે મોટા પાયે બંદોબસ્ત કર્યો એક બાજુ આગ્રામાં બિછાવી સંવાદદાતાઓની જાળ, તો બીજી તરફ ઇસ્લામાબાદમાં પણ ટીમ મોકલીને ત્યાંના લોકોનો મિજાજ જાણવાની કોશિશ કરી.'

કોઈની પણ શેહશરમ રાખ્યા વિના માર્ચ ૨૦૦૧માં 'આજ તકે' સંરક્ષણ મંત્રી જ્યોર્જ ફર્નાન્ડિસનો 'સંરક્ષણ સોદામાં દલાલી' પ્રકરણમાં ઉધડો લીધો હતો, તો જુલાઈ ૨૦૦૭માં આજ તક 'ભારતના રાષ્ટ્રપતિના કાર્યાલયમાં શ્રીમતી પ્રતિભાદેવીસિંઘ પાટીલ ચૂંટાઈ આવ્યાં છે અને આ ઘોષણા સાથે જ પ્રતિભા પાટીલ દેશનાં સૌ પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયાં છે' એમ કહી રાજકીય ઘટમાળનું સાક્ષી પણ બને છે.

મનમોહનસિંહ બીજી વખત વડાપ્રધાન બને છે એ મે ૨૦૦૯ની ઘટનાનું વર્ણન હોય કે ઓબામાનો ભારત-પ્રવાસ હોય 'આજ તક' રાષ્ટ્રિય તેમજ આંતરરાષ્ટ્રિય ઘટનાચક્રોને ભારતીય નજરથી જ જુએ છે. માધવરાય સિધિંયાનું હવાઈ દુર્ઘટનામાં મૃત્યુ' થયું એ દુઘર્ટનામાં 'આજ તક'ના વિશેષ સંવાદદાતા રંજન ઝા અને કેમેરામેન ગોપાલ બિષ્ટ પણ મૃત્યુ પામે છે, તેમ છતાં અવિરત સમાચારો પ્રસારિત કરી 'આજ તક' પોતાનો ધર્મ સુપેરે બજાવે છે. મે, ૨૦૦૬માં પ્રમોદ મહાજનની હત્યા હોય કે સપ્ટેમ્બર ૨૦૦૯માં રાજશેખર રેડ્ડીનું હેલિકોપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ હોય 'આજ તક' પોતાની સમાચાર શૈલીનો ગ્રાફ ટકાવી રાખે છે.

જાન્યુઆરી ૨૦૦૧માં ગુજરાતમાં જબરદસ્ત ભૂકંપ આવે છે અને ત્યારે નવીસવી ચેનલના રૂપમાં 'આજ તક' હોવા છતાં જે હિંમત અને લગનથી 'આજ તક' આ ઘટનાનું પ્રસારણ કરે છે કે લગાતાર પંદર દિવસ સુધી સમ્રગતયા જોવાતી ચેનલોમાં 'આજ તક' નંબર વન રહે છે.

ફેબ્રુઆરી ૨૦૦૨માં ગુજરાતમાં રમખાણો થાય છે. 'સાબરમતી એક્સપ્રેસનો આ ડબ્બો, તેમાં બેઠેલા ૫૮ મુસાફરોને જીવનની આખરી સફર કરાવ્યા પછી ગોધરા રેલ્વે સ્ટેશન પર ઊભો છે, પણ તેમાંથી નીકળેલી ચિનગારીએ ગુજરાત આખાને આગની જ્વાળાઓમાં હડસેલી દીધું છે' એમ સંવાદદાતા સંજય બરાગટા કહે છે તો ધીમંત પુરોહિત 'ગુજરાતમાં સાંપ્રદાયિક હિંસાની અત્યાર સુધીની આ સૌથી ભયાનક ઘટના છે' કહી ગુજરાતની સાંપ્રદાયિક હિંસાની તવારીખ ને તાસીરનો ચિતાર આપે છે.

ડિસેમ્બર ૨૦૦૪ 'સુનામીનો પ્રકોપ' હોય કે જુલાઈ ૨૦૦૫માં 'વરસાદથી બેહાલ

બનેલું મુંબઈ' હોય કે ઑગસ્ટ ૨૦૦૮માં બિહારમાં પૂરે વેરેલો વિનાશ' હોય. કુદરતી પ્રકોપની આવી ઘટનાઓમાં પોતાની પરવા કર્યા વિના 'આજ તક'ના રિપોટર્સ તે તમામ ઘટનાઓ દર્શકો સામે ઉજાગર કરે છે.

'આજ તક' એટલે સમાચારોની દુનિયામાં સૌનો સૌથી વિશ્વાસપાત્ર સાથી. વીતેલા દસ વરસમાં ભારતીય રાજકારણ સામે કોઈ પડકાર હોય તો એ છે આતંકવાદ. ભાગ્યે જ કોઈ વરસ એવું ગયું જેમાં  માસૂમ, નિદોર્ષ લોકોનું ખૂન થયું ન હોય, પણ અમુક આતંકવાદી હુમલાઓએ તો ભારતની પ્રતિષ્ઠા સુધ્ધાંને પડકારી' – આવું સ્પષ્ટ કહેતી 'આજ તક' હિન્દી ન્યૂઝ ચેનલ ડિસેમ્બર ૨૦૦૧માં સંસદ પર થયેલ આતંકવાદી હુમલાને વખોડી નાખે છે. સપ્ટેમ્બર ૨૦૦૨માં અક્ષરધામ પર થયેલ આતંકવાદી હુમલો હોય કે નવેમ્બર ૨૦૦૮નો મુંબઈ પરનો સૌથી મોટો આતંકી હુમલો હોય. 'આજ તક'ની ટીમ પ્રત્યેક ઘટનાની ક્ષણે ક્ષણનો 'આંખો દેખ્યો અહેવાલ' આપવા જીવ હથેળીમાં લઈ ઝઝૂમતી રહે છે."

દેશ પરના આવા મોટા આતંકવાદી હુમલાના કવરેજની 'આજ તક'ના સંવાદદાતાઓની ટીમમાં આ શોધનિબંધના સંશોધક ધીમંત પુરોહિત પણ હતા. અક્ષરધામ હુમલા વખતે આતંકવાદીઓ જ્યાં હતા એ અક્ષરધામ કેમ્પસમાંથી રિપોર્ટિંગ કરનારા એક માત્ર ટીવી પત્રકાર ધીમંત પુરોહિત હતા.

'આજ તક' માત્ર રાજ્ય કે રાષ્ટ્રિય ઘટના પૂરતું ચિંતિત નથી, આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે ઉથલપાથલ મચાવતી ઘટનાઓને પણ દર્શકો માટે કેમેરામાં કંડારે છે અને સત્ય સુધી પહોંચે

છે. જૂન ૨૦૦૧માં 'નેપાળના શાહી કુટુંબનો હત્યાકાંડ', સપ્ટેમ્બર ૨૦૦૧માં 'અમેરિકા પર આતંકવાદી હુમલો', જુલાઈ ૨૦૦૨માં 'અફઘાનિસ્તાન યુદ્ધ', ડિસેમ્બર ૨૦૦૩માં 'સકંજામાં સદ્દામ', ડિસેમ્બર ૨૦૦૭માં 'બેનઝીર ભુટ્ટોની કતલ', નવેમ્બર ૨૦૦૪ તેમજ નવેમ્બર ૨૦૦૮ અમેરિકા રાષ્ટ્રપતિની ચૂંટણી', ફેબ્રુઆરી ૨૦૦૩ની 'કોલંબિયા દુર્ઘટના' અને જૂન ૨૦૦૭માં 'ડિસ્કવરીમાં સુનીતા' ઉદાહરણ રૂપે પૂરતાં છે.

'આજ તકે' જાન્યુઆરી ૨૦૦૧માં 'અલ્હાબાદ મહાકુંભ' અને જુલાઈ ૨૦૦૩માં 'અમરનાથ યાત્રા' પ્રસારિત કરી સમગ્ર વિશ્વમાં ભારતની ધાર્મિક છબીને પહોંચાડી છે. ફિલ્મી ખબરોમાં 'સપ્ટેમ્બર ૨૦૦૩માં ઓસ્કારમાં લગાન' તો રમતગમત ક્ષેત્રે ઑગસ્ટ ૨૦૦૧માં 'ભારતને ઓલિમ્પિકમાં રજત ચંદ્રક' , સપ્ટેમ્બર ૨૦૦૭માં 'ભારત બન્યું ટી-૨૦ વિશ્વ ચેમ્પિયન', ઑક્ટોબર ૨૦૧૦માં 'સાયનાએ જીત્યો સુવર્ણચંદ્રક' , અને નવેમ્બર ૨૦૦૮માં 'વિશ્વનાથ આનંદ થયા વિશ્વ ચેમ્પિયન' પ્રસારિત કરી 'આજ તક' વીજાણુ પત્રકારત્વમાં પોતાનો દેશપ્રેમ આગવી છટાથી વ્યક્ત કરતું રહ્યું છે. લગભગ ત્રણેક વરસથી ફિલ્મી સિતારાઓની આખા વરસની મહેનત પર દર્શકોના ફરમાનથી અપાતો 'આજ તક મૂવી મસાલા એવોર્ડ' ફિલ્મી પત્રકારત્વનું એક અનોખું પ્રકરણ છે.

* * *

'આજ તક'ના દમદાર 'દસ વરસ બેમિસાલ' પણ છે. આ વરસોમાં ટીવી સમાચારના ઇતિહાસમાં સીમા સ્તંભ સાબિત થાય એવી ઘણી ઘટનાઓ 'આજ તક'ની વિકાસયાત્રામાં છે.

'આજ તકે' ઘટનાસભર દસ વરસ પૂર્ણ કર્યાં. આ દસ વરસોમાં સમાચારોના પ્રકાર બદલાયા, કલેવર બદલાયા, પણ 'આજ તક'નો અંદાજ નથી બદલાયો. દસ વરસમાં આજ તકે કોણ જાણે કેટલાય એવા સમાચારો રજૂ કર્યાં, જેની સીધી નિસબત લોકોની જિંદગી સાથે, લોકોના ભવિષ્ય સાથે હોય, એ માટે 'આજ તક'ના સંવાદદાતાઓએ જીવ જોખમમાં મૂક્યો અને જરૂર પડી ત્યાં ખોફ અને દહેશતની ગલીઓમાં જઈને ત્યાંથી પણ સમાચારો મેળવ્યા. આ હકીકત જરાય અતિશ્યોક્તિભરી નથી.

"'૯-૧૧ ના હુમલા પછી અમેરિકન રાષ્ટ્રપતિ જ્યોર્જ બુશે તાલિબાનોને પાઠ ભણાવવાનું નક્કી કરી લીધું અને અમેરિકન સૈન્યે અફઘાનિસ્તાન પર હલ્લો કરી દીધો. બૉમ્બગોળાના ધડાકા અને ગોળીઓની ધડધડાટી. આ ભયાનક જંગની તસવીરો આપ સુધી પહોંચાડવા અને ક્ષણેક્ષણનો અહેવાલ આપવા માટે 'આજ તક'ની ટીમ પહોંચી ગઈ અફઘાનિસ્તાન.' આમ, ઈ.સ. ૨૦૦૧ના 'અફઘાનિસ્તાન યુદ્ધ'નું કવરેજ 'આજ તક'ના સંવાદદાતાઓએ અને કેમેરામેને જીવ સટોસટ ખેલીને પણ પ્રસારિત કર્યું.

૧૨ એપ્રિલ ૨૦૦૩ના રોજ બગદાદ, ઇરાકમાં ઇરાકની યુદ્ધભૂમિ સુધી 'આજ તક' પહોંચી ગયું અને "એક મહેલને ખંડેર બનતો તેમ જ એક બંકરમાં છુપાયેલા સદ્દામને રાજામાંથી રંક બનતો 'આજ તકે' આપને દેખાડ્યો, સૌથી પહેલાં."

'આજ તક' સત્યનો પર્યાય બની હંમેશાં પ્રજાના પડખે રહ્યું છે તેનું ઉદાહરણ બિહાર રાજ્યમાં 'માથાભારે તત્ત્વોની મસ્તી' હોસ્પિટલમાં ચાલી રહી હતી,તેનું જાનના જોખમે જીવંત

પ્રસારણ કરી 'આજ તકે' પોતે 'સબસે તેજ' છે તે પુનઃ સાબિત કર્યું.

સંસદ પરના આતંકવાદી હુમલાના પગલે ૧૩ સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ "સંસદની સુરક્ષા જડબેસલાક કરવાના ભારેખમ દાવા કરવામાં આવ્યા. આ દાવાની સચ્ચાઈ તપાસવા માટે 'આજ તક'ની ટીમ અભિનેતા અને સાસંદ શત્રુઘ્ન સિંહાના ડુપ્લીકેટને લઈને સંસદમાં પ્રવેશી ગઈ." આટલેથી ન અટકતા પોતાના સ્ટિંગ ઓપરેશન 'દુર્યોધન' દ્વારા પૈસા લેતા અગિયાર માનનીય સંસદ સભ્યોને બતાવી "રાજકારણના કદરૂપા ચહેરાને ય બેનકાબ કર્યા નવેમ્બર ૨૦૦૫માં.

'ઓપરેશન કલંક' નામના ઑકટોબર ૨૦૦૭ના એક અન્ય સ્ટિંગ ઑપરેશનમાં ગુજરાતના રમખાણોનું સત્ય ઉજાગર કર્યું 'આજ તકે', તો સપ્ટેમ્બર ૨૦૧૦ના 'ઓપરેશન હે રામ' નામના સ્ટિંગ ઓપરેશનમાં 'ધર્મગુરુઓનો કાળો ચહેરો' ઉઘાડો પાડવામાં આવ્યો. સ્ટિંગ ઓપરેશનની આ પરંપરામાં એપ્રિલ ૨૦૦૮માં 'ઓપરેશન ચક દે' અંતર્ગત રાષ્ટ્રિય રમત ગણાતી હોકીની પતનનાં સાચા કારણો પ્રસારિત કર્યા.

૩ જી ઑક્ટોબર ૨૦૦૫ના 'ઘૂસ મહલ' સ્ટિંગ ઓપરેશનમાં તો દિલ્હીની સેલ્સ ટેક્સ ઑફિસમાં બેઠેલા ૮૨ લાંચખોરોને ઉઘાડા પાડ્યા 'આજ તકે' જેના નામ માત્રથી વિશ્વ આખું થરથર કાંપે છે. એ ડોન દાઉદના પર્લ બિલ્ડિંગ સુધી પહોંચી 'આજ તકે' અન્વેષણાત્મક પત્રકારત્વનું દષ્ટાંત પૂરું પાડ્યું છે.

* * *

'આજ તક' એક વીજાણુ માધ્યમ તરીકેનું પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ સુપેરે નિભાવી જાણે છે, એના એકથી વધારે દૃષ્ટાંતો વીતેલા દસ વરસોમાં જોવા મળે છે.

"૨૬ ડિસેમ્બર ૨૦૦૪ની સવારે સમુદ્રના પેટાળમાં ધરતીકંપથી હિંદ મહાસાગરમાં સુનામીના એવાં મોજાં પેદા થયાં કે લાખ્ખો પરિવારોનું સર્વસ્વ ખેદાનમેદાન થઈ ગયું. ભારતે પણ સુનામીનો જખમ ઝીલ્યો અને સૌથી વધુ નુકશાન થયું આંદામાન-નિકોબાર દ્વીપસમૂહને. આંદામાન નિકોબારની એક માસૂમ છોકરી અલમાજ સુનામીના મોજામાં ગૂમ થઈ ગઈ, પણ 'આજ તક'ની મહેનતથી એ પાછી પોતાના પરિવાર પાસે પહોંચી ગઈ. આથી જ તો અલમાજ અને એનાં ઘરનાં લોકો કહે છે 'આજ તક, મેરી જાન.'

કેન્સર પીડિત કાનપુરના ચૌદ વરસના અનુજની સારવાર માટે પણ 'આજ તકે' નવેમ્બર ૨૦૧૦માં દર્શકો પાસે ટહેલ નાખી સામાજિક જવાબદારી નિભાવવાની પહેલ આદરી હતી. આવું જ કૈં કલકત્તાની મીતાની જિંદગીમાં બને છે. "મીતા મંડલની જીવલેણ બીમારીના સમાચાર 'આજ તક' સુધી પહોચ્યાં ત્યારે પોતાની ફરજ સમજીને 'આજ તકે' મીતાના દર્દનો અહેસાસ પોતાના પ્રેક્ષકોને કરાવ્યો. આની તરત અસર થઈ અને મુંબઈથી બોલીવુડના શહેનશાહ અમિતાભ બચ્ચને 'આજ તક'ને મીતાને મળવાનું અને તેની સારવારનો બધો જ ખર્ચ ઉઠાવવાનું વચન આપ્યું."

આ તો સામાજિક ઉત્તરદાયિત્વ થયું પણ 'આજ તક'ના અનેક રંગ છે. એક સમાચાર ચેનલ તરીકે અસત્ય અને અન્યાય સામે લડવું જાણે કે તેનો મુદ્રાલેખ જ છે. 'ફૈજાબાદનો

બદનસીબ જગજીવન વગર વાંકે સાડત્રીસ વરસથી વારાણસી જેલમાં કેદ હતો. આની જાણ થતાં જ 'આજ તકે' એના છૂટકારા માટે પહેલ કરી અને આખરે ૨૦૦૬માં સાડત્રીસ વરસની કેદ પછી જગજીવનને નવું જીવન મળ્યું.' ઘટના એવી હતી કે ૧૯૬૮માં જગજીવન પર તેની જ ભાભીની હત્યાનો આરોપ મુકાયો અને કશીય સજા કે અદાલતના ચુકાદા વિના વીસ વરસની ઉંમરે જ ૧૯૬૯માં તેને વારાણસી જેલમાં પૂરી દેવામાં આવ્યો. "વરસો સુધી જગજીવનને મળવાની ભાંજગડ અને એમાં નિષ્ફળતા પછી તેના પરિવારજનોએ પણ જગજીવનને મરી ગયેલો માની લીધો, પણ આ સમાચાર મળતાં જ 'આજ તકે' સૌથી પહેલાં તેને છોડાવવાની પહેલ શરૂ કરી. વીસ વરસનો જગજીવન ૨૦૦૭માં ૫૭ વરસનો થઈ ગયો હતો, પણ આઝાદીની હવામાં શ્વાસ લેવાનો ભરોસો ખતમ થઈ ગયા પછી તેનું મગજ નબળું પડી ગયું હતું." 'આજ તક'ની પહેલથી જ આજે જગજીવન ફરીથી પોતાના પરિવાર સાથે છે.

૨૦૦૭માં કાનપુરની સાન્યાને એક ટ્રકે પૂરેપૂરી કચડી નાખી. તેની મા પાસે સારવાર સુધ્ધાંના પૈસા નથી હોતા. 'આજ તકે' સાન્યાની મદદ માટે અપીલ કરી અને આજે સાન્યા સલામત છે. "સાન્યાની સારવાર માટે ઓછામાં ઓછા પાંચ લાખ રૂપિયાની જરૂરિયાત હતી અને 'આજ તકે' કાનપુરથી અને સમગ્ર દેશમાંથી મદદ માટે ટહેલ નાખી પોતાનું કર્તવ્ય નિભાવ્યું."

'આજ તક' ન્યૂઝ ચૅનલને લીધે જ નાગપુરની જ્યોતિની જિંદગી બદલાઈ ગઈ. 'નાગપુરની જ્યોતિની ઊંચાઈ ફક્ત ૨૧ ઈંચ છે અને એ દુનિયાની સૌથી નીચા કદની યુવતી છે. પણ

સાડા ત્રણ વરસ અગાઉ આ ખાસિયતથી સૌ કોઈ અજાણ હતું. ત્યારે 'આજ તક'ના સ્ટુડીઓમાં જ્યોતિ પહેલીવહેલી વાર દુનિયા સમક્ષ આવી અને આજે એના ચરણોમાં નામ, દામ, કીર્તિ બધું જ છે." 'આજ તક' પરથી જ્યોતિના સમાચાર પ્રસારિત થયા બાદ જ જ્યોતિનું નામ 'ગિનીઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સ'માં દુનિયાની સૌથી નાના કદની યુવતી તરીકે નોંધાઈ ચૂક્યું છે. 'મે જુલાઈ ૨૦૦૭માં પહેલીવાર 'આજ તક' દ્વારા જ્યોતિ દુનિયાની નજરે ન ચડી હોત તો, સૌથી નાના કદની જ્યોતિ પણ કરોડો સામાન્ય હિંદુસ્તાનીઓમાં ક્યાંક ખોવાઈ જાત.'

"૨૧ એપ્રિલ ૨૦૦૭માં નીતાની જાન જયપુર આવી હતી. પણ લાલચુ પતિએ દહેજને કારણે લગ્ન કરવાની ના પાડી દીધી. છોકરાવાળાએ દસ લાખનું દહેજ માંગ્યું. અને એ સમયે 'આજ તક' બની રહ્યું નીતાની તાકાત. નવવધૂનાં પહેરવેશમાં જ નીતે પહોંચી ગઈ 'આજ તક'ના સ્ટુડીઓ પર અને સમાચાર દેખાડ્યા પછી પતિ જાનૈયાઓ સહિત ગયો જેલમાં. સામાજિક બદી સામે 'આજ તક'નો અવાજ હંમેશાં ઊઠે છે અને એનું આ દૃષ્ટાંત છે. ખુદ નીતા કહે છે "'આજ તક' ચૅનલવાળાને લીધે જ અનેક ઑફર આવી લગ્ન માટે. એમાંથી જ એક દીપલે મને લગ્ન માટે પસંદ કરી અને અમારાં લગ્ન થઈ ગયાં."

આમ, 'આજ તક' સર્વસામાન્ય લોકોનો આત્મા બની લોકહૃદયમાં સતત ધબકતું રહ્યું છે. એક સામાન્ય જનને પડતી તકલીફ હોય કે મહાનુભાવને પડતી તકલીફ હોય 'આજ તક' પોતાનાં કૅમેરાથી એક જ લગન અને ધ્યેય સાથે તેને ઉજાગર કર છે. 'આજ તક'નો આ પ્રજાલક્ષી અભિગમ જ તેના નંબર એક હોવાનું દ્યોતક છે. સસ્તી લોકપ્રિયતા હાંસલ કરવા

માટે સમૂહ માધ્યમ તરીકેનાં પોતાનાં ઉચ્ચ ધોરણો સાથે એણે ચેડા કર્યાં નથી, એ પણ એક સર્વવિદિત ઘટના છે.

• • •

---


**સંદર્ભ-સૂચિ**

૧. જી. કૃષ્ણન, ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, આજ તક, દૈનિક ભાસ્કર, રસરંગ, ૭ જાન્યુઆરી ૨૦૦૧

૨. જી. કૃષ્ણન, ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, આજ તક, ટાઈમ્સ ઓફ ઇન્ડિયા, ૧૫ જાન્યુઆરી ૨૦૦૧

૩. સિંહ, ડૉ. દેવવ્રત, ભારતીય ઇલેક્ટ્રોનિક મીડિયા, પૃષ્ઠ-૨૩૬

૪. સિંહ, ડૉ. દેવવ્રત, ભારતીય ઇલેક્ટ્રોનિક મીડિયા, પૃષ્ઠ-૨૩૭

૫. સિંહ, ડૉ. દેવવ્રત, ભારતીય ઇલેક્ટ્રોનિક મીડિયા, પૃષ્ઠ-૨૪૫

૬. સિંહ, ડૉ. દેવવ્રત, ભારતીય ઇલેક્ટ્રોનિક મીડિયા, પૃષ્ઠ-૨૪૭

૭. સિંહ, ડૉ. દેવવ્રત, ભારતીય ઇલેક્ટ્રોનિક મીડિયા, પૃષ્ઠ-૨૫૩

૮. 'આજ તક' પરથી પ્રસારિત થયેલા કાર્યક્રમોના આધારે ૧. દમદાર દસ સાલ, 'આજ તક' પ્રસારિત થયેલ કાર્યક્રમ, ૧ જાન્યુઆરી ૨૦૧૧ ૨. દસ સાલ બેમિસાલ, 'આજ તક' પ્રસારિત થયેલ કાર્યક્રમ, ૧ માર્ચ, ૨૦૧૧ ૩. 'આજ તક' મેરી જાન, 'આજ તક' પ્રસારિત થયેલ કાર્યક્રમ, ૧ એપ્રિલ, ૨૦૧૧